# આજે ૯મી ઓગષ્ટ : આદિવાસી સમાજમાં શિક્ષણનો સૂર્યોદય

## આદિવાસી સમાજના કઠિન પરિશ્રમો બાદ વર્તમાનમાં શિક્ષણનો સૂર્યોદય દેદિત્યમાન થયો છે : આજે વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે સર્વે આદિવાસી સમુદાયને જય જોહાર અને અભિનંદન










ગાંધીનગર, તા. ૮

વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી સમગ્ર વિશ્વમાં ૯મી ઓગષ્ટના રોજ વર્ષ ૧૯૯૫થી કરવામાં આવી રહી છે. વિશ્વમાં આદિવાસી સમુદાયની વસ્તી આશરે ૩૭ કરોડ છે. જેમાં લગભગ ૫૦૦૦ વિવિધ આદિવાસી સમુદાયો છે અને તેમની પાસે લગભગ ૭ હજાર ભાષાઓ છે.



આદિવાસી સમાજના ઉત્થાન અને તેમની સંસ્કૃતિ અને સન્માન બચાવવા તથા આદિવાસી સમાજને પ્રોત્સાહન આપવા માટે ૯મી ઓગષ્ટે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવે છે.

આ ધરતી પર સૌ પ્રથમ પગ મુકનારા આદિવાસીઓ આ ધરતીના મૂળ નિવાસી છે એ હકીકતથી હવે કોઈને પણ લેશમાત્ર શંકા રહી નથી. આદિવાસી સમાજ પોતાની સાંસ્કૃતિક ધરોહર સમી જીવનશૈલી પોતાના જીવનમૂલ્યો, માનવ સભ્યતા અને પોતાની ઓળખ-અસ્મિતા ટકાવવા માટે આદિકાળથી સંઘર્ષ કરતા આવ્યા છે અને તેમના કઠિન સંઘર્ષોનું પરિણામ પણ તેઓને મળ્યું છે.

આજનો આદિવાસી સમુદાય શિક્ષણના મહત્વને સમજ્યો છે. તેઓ જાણે છે કે જ્ઞાનનો મહત્વનો સ્ત્રોત શિક્ષણ છે અને આધુનિક યુગ શિક્ષણનો પણ છે. તેથી તેઓ વધુને વધુ શિક્ષણ મેળવવામાં સક્ષમ થયા છે. આદિવાસી સમુદાયમાં શિક્ષણનું પ્રમાણ સતત વધી રહ્યુ છે. ૨૦૦૧માં ભારતમાં આદિવાસી સમુદાયમાં શિક્ષણનું પ્રમાણ ૪૭.૧૦ ટકા હતુ તે વધીને ૨૦૧૧માં ૫૮.૯૬ ટકા થયું છે. જેથી કહી શકાય કે આદિવાસી સમુદાયમાં શિક્ષણના પ્રમાણમાં વધારો થયો છે. અંતરિયાળ ગ્રામીણ વિસ્તારમાં પણ આદિવાસીઓ પોતાના બાળકોને નજીકની શાળા અને આશ્રમશાળાઓમાં શિક્ષણ માટે મોકલે છે. આદિવાસી વિસ્તારમાં આદિવાસીઓ માટે ખાસ શૈક્ષણિક વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. જેમકે આશ્રમશાળાઓ, ઉત્તર-બુનીયાદી શાળાઓ, કુમાર કન્યા છાત્રાલયો, આદર્શ નિવાસી શાળાઓ, સરસ્વતી સાઈકલ યોજના, બુકબેંક યોજના વગેરે ઉપરાંત આદિવાસી શિક્ષણ ઉત્કર્ષ માટે રાજ્ય સરકાર દ્વારા બાલવાડી, આશ્રમશાળા, એકલવ્ય વિદ્યાલય, સરકારી છાત્રાલયો અને ડ્રાય હોસ્ટેલ શરૂ કરવામાં આવી છે. જેનો પૂરતો લાભ આદિવાસી સમાજે મેળવ્યો છે. આદિવાસી સમાજના શૈક્ષણિક વિકાસમાં આશ્રમશાળાઓ અને છાત્રાલયોની મહત્વની ભૂમિકા રહી છે. આજે પણ તેઓ તેનો પૂરતો લાભ મેળવીને આગળ આવી રહ્યા છે. રાજ્યની સ્વૈચ્છિક સંસ્થાઓમાં પંચમહાલમાં ભીલ સેવા મંડળ, બનાસકાંઠાની લોકનિકેતન સંસ્થા, સાબરકાંઠામાં આદિવાસી સેવા સમિતિ, વડોદરામાં વડોદરા જિલ્લા પછાત સેવા મંડળ, ભરૂચમાં આદિજાતિ સેવા સમિતિ, સુરતમાં રાનીપરજ સેવા સમિતિ, વેડછી આશ્રમ અને હળપતિ સેવા સંઘ, વલસાડમાં દક્ષિણ ગુજરાત પછાત સેવા મંડળ અને ડાંગમાં સ્વરાજ આશ્રમની કામગીરી મહત્વનીછે. આશ્રમ શાળાઓમાં પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ મેળવ્યા પછી ઉચ્ચ અભ્યાસ માટે રાજ્યની બધી જ યુનિવર્સિટીઓમાં આદિવાસીઓનું નોંધપાત્ર પ્રમાણ જોઈ શકાય છે. હવેના સમયમાં ટેકનીકલ આઈ.ટી.આઈ., પોલીટેકનીક, ડેન્ટલ, મેડીકલ, ફીઝીયોથેરાપી, નર્સિંગ, કોમ્પ્યુટર, આઈ.ટી., બી.બી.એ., એમ.બી.એ., બી.સી.એ. ફાઈન આર્ટસ વગેરે શૈક્ષણિક ક્ષેત્રમાં આદિવાસીઓ ઉચ્ચ શિક્ષણ મેળવે છે અને પોતાની કારકિર્દી બનાવે છે. જે માટે તેઓ પોતાના વતનથી દૂર શહેરમાં હોસ્ટેલમાં રહીને ઉચ્ચ અભ્યાસ કરે છે.

અત્યાર સુધી આદિવાસી સમાજ પરંપરાગત ખેતી, પશુપાલન, શિકાર કરવો, ઉદ્યોગ-ગૃહ ઉદ્યોગ અને મજૂરી જેવા વ્યવસાયો સાથે સંકળાયેલો હતો પરંતુ વર્તમાન સમયમાં તેઓ પોતાની રીતે આગળ આવી સારૂ શિક્ષણ મેળવીને સરકારી નોકરીઓ તરફ વળ્યા છે. જેમાં તેમને સરકારની અનામતની નીતિ ખૂબ જ સહાયક બની છે જે તેમને હકથી મળવાપાત્ર છે અને સભ્ય સમાજ સમકક્ષ તેઓ સરકારી ઓફિસોમાં વર્ગ-૧ વર્ગ-૨ના ઘણા સ્થાનો પર અસરકારક કાર્ય કરતા જોવા મળે છે. આજે આદિવાસી સમાજનો એક સાપેક્ષ રીતે નાનો વર્ગ વિદેશ સાથે પણ જોડાયેલો જોવા મળે છે. પોતાની શૈક્ષણિક યોગ્યતા પ્રમાણે આદિવાસીઓનો અન્ય વ્યવસાયો અને બજારો સાથેનો સંપર્ક પણ વધ્યો છે. શહેરમાં અને નાના ગામોમાં પણ આદિવાસી ભાઈઓએ જરૂરિયાત મુજબ પોતાના ધંધાઓ શરૂ કર્યા છે. જેમકે દુકાન, બ્યુટીપાર્લર, વીમા એજન્ટ, કોન્ટ્રાક્ટર, ઝેરોક્ષ, મોબાઈલ શોપ વેગેરે ગામડામાંથી શહેરમાં મજૂરી માટે આવેલો આદિવાસી થોડા વર્ષોમાં કોન્ટ્રાક્ટર થઈ જતો જોવા મળે છે. આધુનિક શિક્ષણ વ્યવસાય અને સ્થળાંતર, ઉદ્યોગીકરણ, શહેરીકરણ, વાહન વ્યવહાર અને સંદેશ વ્યવહાર, સંચાર માધ્યમો વગેરે પરીબળોના લીધે આજના આદિવાસી સમાજની જીવનશૈલીમાં બદલાવ જોઈ શકાય છે. શિક્ષણના કારણે તેઓનું આંતરિક સંબંધોનું નેટવર્ક મજબૂત અને અસરકારક રીતે કામ કરે છે. આદિવાસીઓના વિકાસ માટે પૂર્વ નાણાંમંત્રી સનત મહેતાએ એક ખાસ અલાયદી સંસ્થા શરૂ કરી અને તેમના માટે વિકાસની આખી રૂપરેખા તૈયાર કરી હતી. તો ૧૯૮૬-૮૭ દરમિયાન ગુજરાત વિધાનસભામાં નર્મદાથી અસરગ્રસ્ત બનેલા આદિવાસીઓના પૂનર્વસનની નિતિ પરની ચર્ચા દરમિયાન પૂર્વ મુખ્યમંત્રી સ્વ. અમરસિંહ ચૌધરીએ એવું કહ્યું હતું કે માત્ર પંચિયા પહેરી ફર્યા કરશે એજ એમની જીંદગી છે. આદિવાસીના વિકાસ માટે સરકારે જે નીતિ તૈયાર કરી છે અને તેમાં આદિવાસીના ઉત્કર્ષ માટેની યોજના બનાવી છે તેમાં તમામ શૈક્ષણિક સુવિધા સહિત વિકાસનું ધ્યાન રખાયુ છે. આદિવાસી સમાજમાં ઈન્દુભાઈ જાની, સ્વ. જીણાભાઈ દરજી, ગજરાબેન ચૌધરી સહિતના નેતાઓનું યોગદાન પણ વિસરાય એવું નથી. આદિવાસીઓના શૈક્ષણિક સૂર્યોદયને વધુ તેજોમય બનાવવા માટે અને વિકાસને વેગીલો કરવા તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વન બંધુ યોજના અમલી બનાવી એક નવી જ દિશા આપી છે.

આજે વિશ્વ આદિવાસી દિવસ મનાવી રહ્યા છીએ તો આપણે ઘણાં બધાં વિચારોને અલગ-અલગ ભાષામાં વ્યક્ત કરતાં શીખ્યા છીએ અને તે ફક્ત આપણા ભણતરને આધિન છે અને આજે ‘અમે આદિવાસી છીએ’ અને અમે અમારી સંસ્કૃતિને આગળ વધારીને એક નવો આયામ રચી રહ્યા છીએ તેવો અભિગમ દરેક આદિવાસીઓએ જો કેળવ્યો છે તો તે ફક્ત આપણા ભણતરથી મુમકીન થયું છે. આજે વન વગડામાં રહેતો વનવાસી ભણતરથી આગળ આવીને પરંપરાને જીવંત રાખવા માટે કટિબદ્ધ બન્યો છે.



**- રેશ્મા નિનામા, (માહિતી મદદનીશ)**

મારા સમાજના આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓ માટે એક સિનિયર ઓફિસર તરીકે મે ગાંધીનગરમાં નિઃશુલ્ક સ્પર્ધાત્મક પરીક્ષાઓના વર્ગ શરૂ કર્યા જે વર્ષ ૨૦૧૯થી કાર્યરત છે. જેમાં ૬૦થી ૭૦ વિદ્યાર્થીઓ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપી ઉત્તીર્ણ પણ થયા છે. સમાજને આગળ લાવવાનો અથાગ પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જેમાં સાથી મિત્રોનો ખૂબ સહયોગ રહે છે. વર્તમાન સમયગાળામાં યુવાવર્ગ ટેકનોલોજીનો ભરપૂર ઉપયોગ કરે છે. જેનો ઉપયોગ યોગ્ય રીતે કરવો હિતાવહ રહેશે મોબાઈલનું વણગણ યુવાવર્ગ માટે નુકશાનકારક છે.



**- આર.વી. અસારી, (ડી.આઇ.જી., અમદાવાદ)**

# ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ઉચ્ચ શિખરો હાંસલ કરતુ ગુજરાત

કોઈપણ દેશ અને સમાજના સર્વાંગી વિકાસ માટે એક શિક્ષિત સમાજ ખૂબ જ આવશ્યક છે અને એવા સમાજની રચના કરવા માટે છેવાડાના લોકો સુધી શિક્ષણના લાભ પહોંચે તે અત્યંત જરૂરી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ્યારે બે દાયકા અગાઉ રાજ્યના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા ત્યારથી જ રાજ્યમાં શિક્ષણની નવતર પરિભાષા વિકસાવી છે. તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ પ્રાથમિક શિક્ષણથી ઉચ્ચ-ટેકનિકલ શિક્ષણ પૂરું પાડવા માટે શિક્ષણ યજ્ઞનો પ્રારંભ કરાવ્યો હતો. આજથી ૨૦ વર્ષ પહેલાં એક સમય એવો હતો કે ગુજરાતના યુવાનોએ ધોરણ ૧૦ અને ૧૨ પછી મેડીકલ અને એન્જિનિયરીંગ ક્ષેત્રે અભ્યાસ માટે લાખો રૂપિયા ખર્ચીને બહાર જવું પડતું હતું. આજે સ્થિતિ બદલાઈ ગઈ છે, સમગ્ર ભારતમાં ગુજરાત ‘એજ્યુકેશનલ હબ’ તરીકે પ્રસ્થાપિત થઈ ગયું છે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ સેવા દાયિત્વ નિભાવ્યુ ત્યારથી એમની નેમ હતી કે, દેશ અને દુનિયામાં જે શ્રેષ્ઠ છે તે બધુ જ ગુજરાતમાં હોવું જોઈએ. ગુજરાતના યુવાનને મેડિકલ,

## મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત ૩,૨૦,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને સહાય



ઈજનેરી, ટેકનિકલ નોલેજ, સોફ્ટ સ્કિલ જ્ઞાન-વિજ્ઞાન ક્ષેત્રે વિશ્વના યુવાનો સાથે કદમથી કદમ અને આંખમાં આંખ મેળવી વાત કરે તેવો સજ્જ બનાવવો છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈએ આજથી વર્ષો પહેલાં જ સમયની માંગ અનુસાર યુવાનોની પ્રતિભાને યોગ્ય નિખાર આપવા યુનિવર્સિટી એજ્યુકેશનમાં સ્પેશિયલાઇઝેશન, ઈનોવેશન-એક્સલન્સના મોડેલરૂપ વિવિધ યુનિવર્સિટીઓ અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ દ્વારા ગુજરાતમાં જ્ઞાનશક્તિનો મજબૂત પાયો નાંખ્યો છે. રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પણ શિક્ષણને શ્રેષ્ઠ પ્રોત્સાહન આપી રહ્યા છે.

### મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY)

રાજ્યના તેજસ્વી અને જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે આર્થિક સહાય પૂરી પાડવા માટે રાજ્ય સરકાર દ્વારા મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાનો અસરકારક અમલ કર્યો છે. આ યોજનાથી વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે મળતી નાણાકીય સહાય તેઓને ઉચ્ચ શિક્ષણ માટેની ભાવિ કારકીર્દી ઘડવામાં મદદરૂપ થાય છે. મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત ૩,૨૦,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓને રૂ. ૧૩૧૯ કરોડથી વધુ રકમની સહાય આપવામાં આવી છે.

### ઉચ્ચ શિક્ષણે હાંસલ કર્યા નવતર આયામો

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરવામાં આવેલ

## એજ્યુકેશનલ હબ તરીકે પ્રસ્થાપિત થતું ગુજરાત

સ્કીલ ઈન્ડિયા મિશનના ભાગરૂપે દેશભરમાં ૪૦ કરોડથી વધુ યુવાનોને વિવિધ કૌશલ્યમાં તાલીમ આપવાનું લક્ષ્ય નિર્ધારિત કરાયું છે. દેશના આ મિશનને સાકાર કરવા રાજ્યના યુવાધનને કૌશલ્યબધ્ધ કરવા ‘કૌશલ્ય સાથે શિક્ષણ’ અને ‘દરેક યુવાનને કૌશલ્ય’ મળી રહે તે માટે અમદાવાદ ખાતે ‘કૌશલ્યા’ ધી સ્કીલ યુનિવર્સિટીની સ્થાપના. જે તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઝિલ, વીલ અને સ્કીલની ભાવનાને ચરિતાર્થ કરે છે. ગુજરાતના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ સિવિલ સર્વિસ પરીક્ષામાં મોટી સંખ્યામાં સફળ થાય તે માટે યુ.પી.એસ.સી. તાલીમ કેન્દ્ર સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (સ્પીપા) કાર્યરત છે જેમાં અત્યાર સુધીમાં ૨૩૮ ઉમેદવારો યુ.પી.એસ.સી.ની પરીક્ષામાં સફળ થયા છે. સ્કીમ ઓફ ડેવલોપીંગ હાઈ ક્વોલીટી રીસર્ચ (જીૐહ્રઉં) યોજના અંતર્ગત રાજ્યમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓને ઉચ્ચકક્ષાના ગુણવત્તાયુક્ત સંશોધન પ્રતિ રસ દાખવે તે હેતુથી કરવા ૧૬૦૦થી વધુ વિદ્યાર્થીઓને રૂ. ૧૮ કરોડથી વધુના સ્ટાઈપેન્ડની સહાય આપવામાં આવી છે.





## એન્જિનિયરીંગ અને મેડીકલ શિક્ષણ ક્ષેત્રે ગુજરાતનો દબદબો




### ટેકનિકલ શિક્ષણ

આજથી ૨૦ વર્ષ પહેલાં રાજ્યમાં એન્જિનિયરીંગની કોલેજોની સંખ્યા ૨૬ હતી તે વધીને ૧૩૩, પોલિટેકનીક કોલેજોની સંખ્યા ૩૧ હતી તે વધીને ૧૪૪ અને પ્રોફેસનલ કોલેજોની સંખ્યા ૩૧ થી વધીને ૫૦૩ જેટલી થઈ છે. કારીગર તાલીમ યોજના (સી.ટી.એસ.) હેઠળ રાજ્યમાં ૨૮૮ સરકારી આઈ.ટી.આઈ., ૧૧૨ જી.આઈ.એ. અને ૧૯૭ સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો મળી કુલ-૫૯૭ આઈ.ટી.આઈ.માં ૨,૧૭,૭૭૬ બેઠકો ઉપલબ્ધ. વ્યવસાયિક તાલીમ માટે કુલ ૭૬ એન.સી.વી.ટી. (નેશનલ કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ) પેટર્નના તથા ૪૯ જી.સી.વી.ટી. (ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ) પેટર્નના મળીને કુલ ૧૨૫ કોર્સ કાર્યરત છે.

### મેડીકલ શિક્ષણ

આજથી બે દાયકા પહેલાં રાજ્યમાં માત્ર ૧૩૭૫ મેડીકલ સીટ હતી જે વધીને ૫૭૦૦ બેઠકો થઈ છે. રાજ્યમાં તબીબી શિક્ષણના વ્યાપ વધારો કુલ ૩૧ મેડિકલ કોલેજ કાર્યરત છે જેમાં ૫૭૦૦ એમ.બી.બી.એસ.ની અને ૨૦૦૦ પી.જી.ની સીટો ઉપલબ્ધ છે. આ ઉપરાંત નવી ૮ મેડિકલ કોલેજો કાર્યરત કરાશે.

### સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલીસીનો (SSIP 2.0)



### અસરકારક અમલ

ગુજરાત સરકાર દ્વારા સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલીસીનો (SSIP 2.0) અમલ કરવામાં આવી રહ્યો છે. રાજ્યની તમામ યુનિવર્સિટીઓમાં સ્પર્ધાત્મક ઈનોવેશન અને ઈક્યુબેશન સેન્ટરની સ્થાપના કરવામાં આવી છે. રાજ્યની ઓછામાં ઓછી ૧૦૦૦ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ અને ૧૦,૦૦૦ શાળાઓને આવરી લેતા ૫૦ લાખ વિદ્યાર્થીઓને ઈનોવેશન અને ઉદ્યોગસાહસિકતા માટે જાગૃત કરાયા. વિદ્યાર્થીઓ દ્વારા વિકસિત ૧૧,૦૦૦ પ્રૂફ-ઓફ-કન્સેપ્ટ્સને સહાય પૂરી પાડવામાં આવી છે.

રાજ્યની યુનિવર્સિટીઓને ઈક્યુબેશન સેન્ટરની સ્થાપના કરવા અને ઈનોવેશન પ્રવૃત્તિઓને વેગ આપવા માટે રૂ. ૫ કરોડ સુધીની સહાય પૂરીપ પાડવામાં આવે છે. ઈનોવેટર્સ અને સ્ટાર્ટઅપ્સ માટે IP ફાઈલિંગ સપોર્ટ માટે રૂ. ૭૫,૦૦૦ સુધી અને અન્ય દેશોમાં ફાઈલ કરવા માટે રૂ. ૧.૫ લાખ સુધીની સહાય અપાય છે.

### સેક્ટર સ્પેસિફિક ઈન્સ્ટિટ્યુટ અને યુનિવર્સિટી

## સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન પોલીસી હેઠળ ૧૧,૦૦૦ વિદ્યાર્થીઓને સહાય

શ્રી નરેન્દ્રભાઈએ ગુજરાતમાં સેક્ટર સ્પેસિફિક યુનિવર્સિટીઓની સ્થાપના કરાવી છે. ગુજરાત ફોરેન્સિક સાયન્સીઝ યુનિવર્સિટી (GSFU)ની સ્થાપના પણ તેમના સમયમાં જ થઈ હતી. યુનિવર્સિટીને કેન્દ્રિય યુનિવર્સિટી તરીકેનો દરજ્જો



આપવામાં આવ્યો છે. ગુજરાતની રક્ષા શક્તિ યુનિવર્સિટીને નેશનલ ઈન્સ્ટિટ્યૂટનો દરજ્જો આપવામાં આવ્યો છે. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ, અમદાવાદ (IIM અમદાવાદ) ને ભારત સરકારના માનવ સંસાધન મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય મહત્વની સંસ્થાનો દરજ્જો આપવામાં આવ્યો છે. પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટી (PDEU) સંસ્થા અગાઉ પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી (PDPU) તરીકે ઓળખાતી હતી. પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટીને ભારત સરકાર દ્વારા વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન સંસ્થા તરીકે માન્યતા આપવામાં આવી છે.

આ ઉપરાંત કાયદા ક્ષેત્રે ઉચ્ચ શિક્ષણ આપતી ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીની પણ સ્થાપના કરવામાં આવી હતી. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઈન (NID), ભારતની અગ્રણી અને પ્રથમ ડિઝાઈન સંસ્થાને સંસદના અધિનિયમ દ્વારા ‘રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થા’ જાહેર કરવામાં આવી છે.

આજથી ૨૦ વર્ષ પહેલાં રાજ્યમાં માત્ર ૨૧ યુનિવર્સિટી હતી જે આજે વધીને ૧૦૩ જેટલી થઈ છે.